જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૩/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૨૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૦૯	૫	૧૧૩૧૪	૧૭૪૨૯	૫	૧૭૪૩૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૩	૦	૪૭૦૩	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૫૧૬	૧૨૪	૨૯૬૪૦	૩૦૮૭૩	૧૨૦	૩૦૯૯૩
કુલ		૪૫૫૯૮	૧૨૯	૪૫૭૨૭	૫૪૮૦૬	૧૨૫	૫૪૯૩૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૧	૧૦,૧૫,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૫૧	૭,૫૧,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૨૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૯૦ લીટર દેશી દારૂ, ૮૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૫ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૨૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૨ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૨૮/૨૦૨૧**

સરખેજ : મહેબુબભાઈ વલીમોહંમદ શેરસીયા (રહે.અજાન ફ્લેટ, BOB ની સામે જુહાપુરા વેજલપુર) એ તા.૨૦/૦૩/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૧૯ થી તા.૧૩/૧૨/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન મકરબા સિધ્ધીવિનાયક ટાવર પાંચમા માળે આવેલ ઓફિસ નં.૫૧૬, ટી-૩ "ફીન સર્વ કંપની" નામની ઓફિસ ખાતે આરોપી (૧) સુભાષભાઈ જટાશંકર જોશી (રહે.રાધે એમ્પાયર, કુડાસણ પેટ્રોલપંપની સામે, ગાંધીનગર) (૨) મેઘાબેન વિવેકકુમાર દાનાવાલા (રહે. શિવા બ્લેશીંગ પ્રેમ રોડ, સ્વાગત ફ્લેમિંગો પાસે, સરગાસણ ચોકડી, ગાંધીનગર) અને (૩) નિયતીબેન તેજશભાઈ અંબાણી (રહે. સરણબાર, બંસરી બંગ્લોઝ પાસે, પ્રહલાદનગર) એ ભેગામળી મહેબુબભાઇ ને વિશ્વાસમાં લઈ પચાસ કરોડની લોન અપાવવાના બહાને મહેબુબભાઇ પાસેથી પ્રોસેસીંગ ફી પેટે એડવાન્સ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- બેંક ખાતામાં ચેકથી મેળવી લઇ મહેબુબભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૫૨૯/૨૦૨૧**

શહેરકોટડા : પ્રવિણભાઇ કનુભાઇ પટોળીયા (રહે.ઇશ્વરકૃપા રો-હાઉસ જીવણવાડી પાસે, નિકોલ રોડ નિકોલ) એ તા.૨૦/૦૩/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર સર્કલ થી અનીલ ત્રણ રસ્તા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ અજાણ્યા ઇસમોએ ભેગામળી પ્રવિણભાઇની નજર ચુકવી તેમનું ખિસ્સુ કાપી, હીરાના પેકેટમાં મુકેલ હિરા કુલ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- મતાના ચોરી કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

અપમૃત્યુ :- **સમાચાર યાદી નં.૫૩૦/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : સોલા ગામ લેબર કોલોનીમા પ્રધાનમંત્રી આવાસ યોજના નામની નવી સાઇટ ઉપર રહેતા અને ત્યાંજ મજુરીકામ કરતા મુકેશસિંગ મેહરસિંગ રાવત (ઉ.વ.૩૦) તા.૧૯/૦૩/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પ્રધાનમંત્રી સાઇટના છઠ્ઠા માળે નીચેથી ચણતરના બ્લોક ચડાવતા હતા દરમ્યાન છઠ્ઠા માળેથી ચણતરનો બ્લોક નીચે પડતા મુકેશને માથાના ભાગે વાગતા ઇજા થતા, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન રાતના ૧૦/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટભાઇ વિઠ્ઠલભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૩૧/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટ : પુષ્પાબહેન વા/ઓ મુકેશભાઇ વણજારા (ઉ.વ.૨૭)(રહે.શિવાનંદનગર, સત્યનગર, અમરાઇવાડી) એ અગમ્ય કારણોસર તા.૨૦/૦૩/૨૦૨૧ બપોરના ૧/૫૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચીમ કિનારે સરદારબ્રીજ નીચે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.ભારકરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી